# રૂપાલના પલ્લી મેળામાં માનવમહેરામણ

## ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં પહેલાથી જ તમામ તૈયારીઓ કરાઈ હતી શેરી ગુલાલમય બની : માતાજીના દર્શન કરવાનો શ્રદ્ધાળુઓએ લ્હાવો લીધો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક રૂપાલ ગામે લાખો શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં આજે પરંપરાગત પલ્લી મેળો યોજાયો હતો. પલ્લીની ઉજવણી વહેલી પરોઢ સુધી પરંપરાગતરીતે ચાલે છે. શ્રદ્ધાળુઓનો ઘોડાપુર ઉમટી પડ્યો છે. સવારથી જ અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વખતે પલ્લી મેળામાં સેકડો કિલોગ્રામ શુદ્ધ ઘી માતાજી ઉપર ચઢાવવામાં આવે છે તેને લઈને કેટલીક બાબતો ધ્યાનમાં લેવામાં આવી હતી. આ વખતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના નિયુક્ત અધિકારીની મંજુરી ઘી માટે લેવાની બાબતને ફરજિયાત કરવામાં આવી હતી. પરવાનગી વગરના ઘીના વેચાણ સામે તંત્રએ લાલ આંખ કરી હતી. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રૂપાલ ગામ નજીક વરદાયિની માતાના મંદિરથી અભૂતપૂર્વ ધાર્મિક માહોલ વચ્ચે પલ્લી કાઢવામાં આવી હતી. પલ્લીમાં શુદ્ધ ઘીનો અભિષેક કરવામાં આવે છે. કરોડો રૂપિયાની કિંમતનું ઘીનો જથ્થો પહેલાથી જ પહોંચી ગયો હતો. શેરીઓ ગુલાલમય બની ગઈ હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઘીના ડબ્બા ટ્રોલી અને અન્ય વાહનો મારફતે લઈને પહોંચ્યા હતા. દર વર્ષે શ્રદ્ધાની દેવી વરદાયિની માતાના દર્શન કરવા લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે પોલીસનો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો. રૂપાલમાં ઐતિહાસિક ધર્મોત્સવનું વાતાવરણ જામ્યું હતું. લાખો ભક્તોએ માતાજીના સ્વરુપના દર્શન કરવાનો લ્હાવો લીધો હતો. બપોરથી જ ભક્તોના ટોળા પહોંચવા લાગ્યા હતા. મંદિર સંકુલની આસપાસ પણ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



### વરદાયીની માતાજીની સાથે પૌરાણિક કથા જોડાયેલી છે

રૂપાલમાં બિરાજતા વરદાયીની માતાજીનું પૌરાણિક મહત્વ પણ રહેલું છે. માતાજીની પલ્લી સાથે પ્રાચીન કથા જોડાયેલી છે, જે મુજબ દ્વાપર યુગમાં પાંડવ જ્યારે જુગારમાં હારી ગયા હતા ત્યારે ૧૨ વર્ષના વનવાસે પહોંચ્યા હતા. આ દરમિયાન પાંડવોએ વરદાયીની માતાજીની પૂજા-અર્ચના કરી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા. માતાજીના આશીર્વાદથી જ પાંડવો મહાભારતના યુદ્ધમાં વિજય થયા હતા. વિજય મેળવ્યા બાદ પાંડવોએ સુદ નોમના દિવસે પાંડવો, કૃષ્ણ, દ્રોપદી અને સેના સાથે વરદાયીની માતાના મંદિરમાં આવ્યા હતા. અહીં સોનાની પલ્લી બનાવીને ગામમાં પલ્લી યાત્રા કાઢી હતી. તે સમયથી જ પલ્લીનો સિલસિલો શરૂ થયો હતો. રૂપાલમાં રાત્રિ ગાળાનો માહોલ જોઈને પલ્લીની ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે. વહેલી પરોઢ સુધી શ્રદ્ધાળુઓ દ્વારા ઉજવણી કરવામાં આવે છે. જેની તૈયારી પહેલાથી થાય છે.

# નવરાત્રી પછી વળાયેલા ગરબાનો પક્ષીઘર તરીકે ઉપયોગ કરો

## કાણાંવાળા માટલા અન્ય ઉપયોગમાં ના લઈ શકાતા હોવા સાથે ખડકલામાં ઝડપથી તુટી જાય છે જેના કારણે શ્રદ્ધાળુઓની લાગણી દુભાય છે

ગાંધીનગર, તા. ૨૯

નવ નવ રાત્રી સુધી આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનો પ્રારંભ માટીના કાણાવાળા ઘડામાં દિવડો મુકી તેના સ્થાપન સાથે કરવામાં આવે છે. નવરાત્રીના સમાપન સાથે આ ગરબાને વાજતે ગાજતે વળાવી દેવામાં આવે છે. ગરબા વળાવ્યા પછી જે તે સ્થળે આ પ્રકારના માટીના ઘડાઓનો ખડકલો થાય છે જે કાણાંવાળા હોવાને કારણે પાણી ભરવા કે તેવા કોઈ અન્ય ઉપયોગમાં લઈ શકાતો નથી. છેવટે આ માટલા તુટવા લાગે છે અને તેની દુર્દશા થતા શ્રદ્ધાળુઓના હૃદયનો ઠેસ પહોંચે છે. આ સંજોગોમાં પર્યાવરણપ્રેમીઓ દ્વારા માટીના આ ગરબાને વળાવી દીધા પછી તેનો પક્ષીના માળા તરીકે ઉપયોગ કરવાનો નવતર વિચાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે.

આપણે ત્યાં દરેક ચોકે અને ચોકઠેથી માંડીને સોસાયટી સોસાયટીએ શેરી ગરબાના આયોજનો કરાય છે પરંતુ આ તમામ ગરબાને નવરાત્રી પુરી થતા મોટેભાગે નજીકના માતાજીના મંદિરે વળાવાય છે. જેના કારણે ત્યાં ગરબાનો ખડકલો થતો જોવા મળે છે. મંદિરના સંચાલકો ખુલ્લી જગ્યામાં ગરબાના માટલાનો ઢગલો કરે છે પરંતુ કાણાવાળા માટલા હોવાથી ઝડપથી તુટવા લાગે છે અને છેવટે સમય જતા બધાના પગામાં આવે તેવી સ્થિતિ સર્જાય છે. આ સમયે શ્રદ્ધાળુઓની લાગણી દુભાય છે એટલે આ પ્રકારના માટીના ગરબાના માટલાઓ ઘરમાં છત નીચે કે ઝાડ પર દોરી વડે કે હૂક સાથે આડા લટકાવવાથી તે પક્ષીઘરની ગરજ સારે છે. આ નવતર પ્રયોગથી માટીના ગરબાનો યોગ્ય નિકાલ થવા સાથે પક્ષીઓને માળા બાંધવા માટે સગવડ પુરી પાડવાનું સેવાકાર્ય પણ થશે.

# વાવોલમાં આઠમ-નોમના ગરબાનો પ્રારંભ

## માત્ર બે દિવસ જ ગરબા યોજાતા હોવાથી મોટી સંખ્યામાં ગરબા રસિકો ઉમટી પડે છે : આસપાસના ગામોમાંથી પણ ખેલૈયા ગરબાની મોજ માણવા આવે છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં નવરાત્રી રંગેચંગે સમાપન તરફ આવી પહોંચી છે ત્યારે વાવોલ ગામમાં નવેસરથી જાણે નવરાત્રીનો પ્રારંભ થયો હોય તેવો માહોલ સર્જાયો છે. વર્ષોથી વાવોલ ગામની પરંપરાગત નવરાત્રી માત્ર આઠમ નોમ એમ બે દિવસે જ ઉજવાતી હોવાથી અહીં પ્રારંભ થયેલા ગરબામાં આસપાસના ગામોના ગરબા રસિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતા. ગામના અગ્રણીઓ દ્વારા સમૂહમાં આરતી દ્વારા નવરાત્રીની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર નજીકના વાવોલ ગામે પરંપરાગત રીતે નવરાત્રીની ઉજવણી માત્ર અંતિમ બે દિવસે જ કરવામાં આવે છે. ગામના ભાગોળ વિસ્તારમાં તળાવના કાંઠે સ્થિત મહાકાળી માતાજીના નયનરમ્ય મંદિરને નવરાત્રીના પ્રારંભ સાથે જ રોશનીથી સજાવવામાં આવે છે અને નિયમિત આરતી કરવામાં આવે છે. નવરાત્રીની આઠમે અને નોમના દિવસે અહીં પ્રસિદ્ધ કલાકારો દ્વારા પરંપરાગત ગરબા કરવામાં આવે છે જે મોડી રાત્રિ સુધી ચાલે છે. માત્ર બે દિવસ જ અહીં ગરબા થતા હોવાને કારણે ગામના તમામ રહીશો અહીં પરિવાર સહિત નવરાત્રી માણવા ઉમટી પડે છે.

એટલુ જ નહી પરંતુ આસપાસના ગામો જેવા કે કોલવડા, પુન્દ્રાસણ, આદરજ, ઉવારસદ, ગોકુળપુરા, ટીંટોડા, તારાપુર, જાસપુર વગેરે સ્થળોએથી પણ માનવ મેદીઓ આ ગરબા માણવા ઉમટી પડે છે. આ ગરબા વાવોલના અગ્રણી ગ્રામજનોની દેખરેખ હેઠળ ઉલ્લાસપૂર્ણ માહોલમાં યોજાય છે જેમાં યુવાધન મનમુકીને હિલોળે ચઢે છે.






મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના માતૃશ્રી અને પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના ધર્મપત્ની વિમળા બાના દુઃખદ અવસાન અંગે ગાંધીનગરમાં યોજાયેલી શ્રદ્ધાંજલિ બેસણા સભામાં ઉપસ્થિત રહીને સોલંકી પરિવારને આ દુઃખદ પળે સાંત્વના પાઠવી સદ્‌ગત વિમળા બાના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

## ફાફડા-જલેબીની લારીઓ-દુકાનો પર મનપાની ફુડ શાખા ત્રાટકી

ગાંધીનગર, તા.૨૯

દશેરાને પગલે શહેરમાં ફાફડા-જલેબીનું ધુમ વેચાણ થાય છે ત્યારે ફાફડા જલેબીનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં મહાનગરપાલિકા ને ફુડ શાખાએ સપાટો બોલાવ્યો છે. આજે શહેરમાં ધમધમતી ફાફડા જલેબીની ૨૪ લારીઓ અને ૨૪ દુકાનો પર શાખાની ટીમે ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાંથી ૨૦ કિલો અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરવામાં આવ્યો હતો અને ૨૨ સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે.

## શેરથામાંથી વૃદ્ધનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૯

અડાલજ નજીક શેરથા ગામની સીમમાં ઉત્તમ મસાલા ભંડારની સામેથી આજે બપોરના અરસામાં આશરે ૭૦ વર્ષીય અજાણ્યા વૃધ્ધનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બિનવારસી વૃધ્ધના મૃતદેહ અંગે અડાલજ પોલીસને જાણ થતા જમાદાર મુળજીભાઈએ મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

## રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે પોણા ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. ચાલુ માસની તા. ૧લી ઓકટોબરની રોજ સવારના ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથો સાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

# સેકટર-૨૪માં દબાણોથી વસાહતીઓમાં પરેશાની

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૨૪ આદર્શનગરમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ પ્રવૃત્તિ તેમજ બિન અધિકૃત દબાણો ઉભા થયેલ છે. અનેક રજુઆતો-ફરિયાદો કરવા છતાં નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી. આ બાબતે હાઉસીંગ બોર્ડ અમદાવાદ, ગાંધીનગર મ્યુનિસિલ કોર્પોરેશનના ડેપ્યુટી એસ્ટેટ ઓફીસરને જાણ કરેલ છે.

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ પી.આઈ.એલ. ૯૬/૨૦૧૫ના આદેશ અનુસાર ગાંધીનગર શહેરમાંથી રહેણાંક વિસ્તારમાંથી બિનઅધિકૃત દબાણ દૂર કરવા આદેશ કરેલ છે. આમ છતાં મહાનગરપાલિકા કોર્ટના આદેશનો અમલ કરતી નથી.

લોકોએ ડેપ્યુટી એસ્ટેટ ઓફીસરની મીલી ભગત નથી ને કે જેથી આ દબાણો દુર થતા નથી તેવી પ્રબળ શંકા વ્યકત કરી છે.

બિન અધિકૃત દબાણથી વસાહતીઓને પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડે છે તો તાત્કાલિક આ દબાણો દુર કરવા વસાહતીઓએ ઉગ્ર રજૂઆત કરેલ છે.

**ગુજરાત મિનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી**

બ્લોક નં.૮, ૭મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

**ઈન્વીટેશન ઓફ એક્સપ્રેશન ઓફ ઈન્ટેરેસ્ટ (ઈઓઆઈ)**

ગુજરાત મિનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા બ્લોક નં. ૧૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની ઓફીસના ઈન્ટીરીયર ડીઝાઈનના કામ માટે આર્કિટેક્ટ કમ કન્સલ્ટન્ટની નિમણુંક કરવા માટે રસ ધરાવતી પાર્ટી / કંપનીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટેરેસ્ટ (ઈઓઆઈ) મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી પાર્ટી / કંપનીઓને ન્દ્બદ્બઙ્ગિ.ન્દ્બદ્બફ્રૂ.ર્ફૈ.ર્હ પરથી તા. ૨૯/૯/૨૦૧૭ના ૧૫.૦૦ કલાકથી ડૉક્યુમેન્ટ ડાઉનલોડ કરી લેવા જણાવવામાં આવે છે. ફીઝીકલ બીડ રજુ કરવાની અંતિમ તા. ૧૮/૧૦/૨૦૧૭ના ૧૫.૦૦ કલાક સુધીની છે.

નિયામક (વ)
જીએમઆરડીએસ
ગાંધીનગર

માહિતી/૧૮૬૩/૧૭-૧૮

**પ્રાંતિજ નગરપાલિકા**

**ટેન્ડર નોટીસ**

આથી પ્રાંતિજ નગરપાલિકા તરફથી નીચે જણાવેલ કામ માટે તાલુકા સહકારી મંડળીઓ પાસેથી પોતાના લેટરપેડ ઉપર અરજી કરી તા. ૨૯/૯/૨૦૧૭ થી ૫/૯/૨૦૧૭ સુધીમાં ટેન્ડર કોપી નગરપાલિકા કચેરીએથી મેળવી તા. ૭/૧૦/૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે ભાવો આપવા જણાવવામાં આવે છે. નિયત સમય મર્યાદા બાદ અમાન્ય ગણવામાં આવશે. નિયત સમય મર્યાદામાં આવેલ ભાવ ભાવપત્રકો પૈકી કોઈપણ અથવા તમામ ભાવ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાના અધિકાર નગરપાલિકાને સ્વાધિન રહેશે.

| અ. નં. | કામનું નામ | અંદાજીતરકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | બક્ષીપંચ છાત્રાલય, ભાંખરીયા, બ્લોક પેવીંગનું કામ | ૩.૬૩ |
| ૨ | અષ્ઠવિનાયક સોસાયટી, સર્વે નં.૫૮૯ સી.સી. રોડનું કામ. | ૭.૯૬ |
| ૩ | નટવરસિંહના ઘરથી ગોગા મહારાજના મંદિર સુધી સી.સી. રોડનું કામ. | ૪.૫૭ |
| ૪ | શાંતિનાથ સોસાયટીના કોમન પ્લોટમાં બ્લોક પેવીંગનું કામ. | ૭.૨૧ |
| ૫ | જી.ઈ.બી. બોર્ડના રોડથી રામસિંહના ઘર સુધી સી.સી. રોડનું કામ | ૩.૧૦ |
| ૬ | મહાકાલી મંદિર સી.સી. ફ્લોરીંગનું કામ. | ૨.૭૦ |
| ૭ | ન.પા.ના જુદાજુદા વિસ્તારમાં પીવાના પાણી પાઈપ લાઈનનું કામ. | ૩.૦૦ |

(વિશાલ પટેલ) મુખ્ય અધિકારી પ્રાંતિજ નગરપાલિકા
(મુકેશભાઈ સથવારા) ચેરમેન બાંધકામ સમિતિ
(દિલીપભાઈ રાવલ) ચેરમેન કારોબારી સમિતિ
(પંકજભાઈ મોદી) ઉપપ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા
(નિરવભાઈ એસ. પરીખ) પ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા

જા.નં. પ્રાંતિજ ન.પા./૪૮૪/૨૦૧૭-૧૮/તા. ૨૮-૯-૨૦૧૭


શ્રી નરેન્દ્ર મોદી
માન. પ્રધાનમંત્રી


શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

આયુર્વેદમ્

નેશનલ આયુર્વેદ સમિટ-૨૦૧૭

લોકાર્પણ સમારોહ
સ્ટેટ મોડેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદ સાયંસીસ કોલવડા, ગાંધીનગર

મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭, શનિવાર ♦ સવારે ૧૧:૦૦ કલાકે

:: સમારંભના અધ્યક્ષ ::
શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

:: અતિથિ વિશેષ ::
શ્રી શંકરભાઈ ચૌધરી
માન. આરોગ્યમંત્રી, ગુજરાત રાજ્ય

આયોજક

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત

'આયુર્વેદ જાણો, સ્વસ્થ જીવન અપનાવો' - શંકરભાઈ ચૌધરી